Sandesh (Citylife)

EDII

April 14, 2019
Pg. No. 1

Campus Corner

આંત્રપ્રિન્યોરનાં માનસમાં નવા વિચારોને પ્રોત્સાહન આપતો તાલીમ કાર્યક્રમ યોજાયો

# EDII દ્વારા વિદેશી વ્યવસાયિકોને ઉદ્યોગ સાહસિકતાની તાલીમ

- ભારત સરકારનાં વિદેશમંત્રાલયનાં ITEC ડિવિઝન સાથે જોડાણમાં ઇડીઆઇ આઇ તાલીમ આપી
- વર્ષ દરમિયાન ક્લસ્ટર ડેવલપમેન્ટ, આંત્રપ્રિન્યોરિયલ મેનેજમેન્ટ, લઘુ વ્યવસાયોને પ્રમોશન અને અનૌપચારિક ક્ષેત્રનાં ઉદ્યોગસાહસિકો પર ક્ષમતા નિર્માણનાં કાર્યક્રમો હાથ ધરાયા હતા.






ઉદ્યોગસાહસિકતાનાં શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થા નિર્માણ માટે પ્રસિદ્ધ રાષ્ટ્રીય સંસાધન આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ ૨૦ વિકાસશીલ દેશોમાંથી આશરે ૬૦ વિદેશી વ્યવસાયિકોને તાલીમ આપી હતી. આ સંસ્થાએ ભારત સરકારનાં વિદેશ મંત્રાલયનાં ITEC ડિવિઝન સાથે જોડાણમાં ઉદ્યોગસાહસિકતા અને રોકાણનાં પ્રમોશનનાં ક્ષેત્રમાં તાલીમ આપી હતી. જેમાં ત્રણ પ્રોગ્રામનો વિદાય સમારંભ યોજાયો. જે ઈનફોર્મલ સેક્ટર એન્ટરપ્રાઈઝ, આંત્રપ્રિનિયોરશિપ એન્ડ લોકલ ઈકોનોમિક ડેવલપમેન્ટ અને ક્લસ્ટર ડેવલપમેન્ટ એક્ઝિક્યૂટિવ્સ છે. શ્રીલંકા, ઈથોપિયા,કેન્યા, ઈજિપ્ત, ટર્કી, નાઈજીરિયા, ઝિમ્બાબ્વે, દક્ષિમ સુદાન અને મલેશિયા સહિતનાં દેશોમાંથી આ પ્રોગ્રામમાં સહભાગીઓ સામેલ થયાં હતાં.

ભારત સરકારનાં વિદેશમંત્રાલયનાં જોઈન્ટ સેક્રેટરી અને ITEC ડિવિઝનનાં હેડ શ્રીમતી દેવ્યાની ખોબાગાડે કાર્યક્રમનાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. જ્યારે ગેસ્ટઓફ ઓનર પર્યાવરણવાદી કાર્તિકેય સારાભાઈ હતા. આ કાર્યક્રમ ૬ અઠવાડિયા માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનાં મુખ્ય મુદ્દાઓ હાર્ડકોર પ્રોફેશનલ્સની કેડરને વિકસાવવાનો અને વિકાસશીલ દેશોમાં આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાનો હતો. તે ઉપરાંત પાર્ટનર દેશોની વચ્ચે વિકાસલક્ષી કાર્યો વહેંચવાનો ઉદ્દેશ પણ રાખવામાં આવ્યો.